**રેગ્યુલર દીવાની અપીલ નં.૪૨/૨૦૨૫**

**આંક ૧ નીચે હુકમ :–**

---

૧. અપીલવાળા તથા સામાવાળા ધ્વારા આંક ૧૪ ની પુરસીસ આપી એવી જાહેરાત કરેલ છે કે, અમો આ કામના અપીલવાળા તથા સામાવાળા નં.૧ વચ્ચે નીચે મુજબ સમાધાન થવા પામેલ છે.

''આ કામે અપીલવાળાના લાભમાં જે લવાદ હુકમનામું થયેલ તેની થતી લેણી રકમ આ કામના સામાવાળા નં.૧ નાં આજથી માસ–૮ અર્થાત તા.૧૦/૧૨/૨૦૨૬ અગર તો તે પહેલા ચુકવી આપવા ખાતરી આપે છે, જે અંગે અપીલવાળા સંમત છે, જો સામાવાળા આવી રકમ ભરપાઈ કરવામાં કસૂર કરે તો અપીલવાળા નામ.શીહોર કોર્ટમાં નવી દરખાસ્ત દાખલ કરી આ રકમ વસૂલ કરી શકશે.

ઉપર મુજબની વિગતોએ હાલની આ અપીલ ફેંસલ કરવા યોગ્ય હુકમ કરવા અરજ છે.''

૨. આમ, અપીલવાળા તથા સામાવાળા વચ્ચે ઉપરોકત પુરસીસ આધારે સમાધાન થયેલ હોય સમાધાન રેકર્ડ હાલની અપીલ ગુણદોષમાં ગયા સિવાય ફેંસલ કરવામાં આવે છે.

૨.૧. કોર્ટ ફી રીફંડ હોય તો નિયમ મુજબ અપીલવાળાનાં નામનું કાઢી આપવું.

૨.૨. સમાધાનની શરતોને આધીન હુકમનામું દોરવું.

૨.૩. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

::: હુકમ આજ તા.૮, માહે એપ્રીલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી જાહેર કર્યો.

ભાવનગર.
તા.૦૮/૦૪/૨૦૨૬

**(એચ.એસ.મુલીયા)**
પ્રિન્સિપાલ ડિસ્ટ્રીકટ જજ,
ભાવનગર.
કોડ નં.જીજે૦૦૯૧૫

-yatin